R.N.I. No. : 11555 / 1957
Price Rs. 1/- Vol No. 67
Issue No. 9
December - 2023 Total : 36 Pages


# જ્યોતિપુંજ

## Jyoti Punj



Good Bye
2023

Welcome
2024



legrand®
LIVE THE ADVANTAGE

AUTHORISED DISTRIBUTORE STOCKIST
matchwell ELECTRIC COMPANY

## COMPLETE PRODUCT RANGE – DEPENDABLE HOUSE

**WHY LEGRAND AT MATCHWELL**

INQUIRE TURNOVER SCHEME & DISCOUNT POLICY.
ELECTRICIAN INSURANCE SCHEME & WARRANTY POLICY

## legrand® Product Brands

| | |
|---|---|
| ARTEOR™ | DRX™ MCCB |
| MYRIUS™ | DX³ MCB |
| MYLINC™ | LCS² |
| BRITZY | DLP |
| RX³ MCB-RCCB | EKINOXE™ DB |
| DPX³ MCCB | RETAIL DB |

**Why 1st Choice ?**

* Energy Distribution upto 6300A
* Voice Data Images
* World leader in wiring Devices and Cable Management
* Product Design – A lever in differentiation-Continuation Innovation
* Control and Command
* Active International Presence.

AVAILABLE UNDER ONE ROOF - matchwell legrand®

# MATCHWELL ELECTRIC COMPANY

**ADMINISTATIVE SHOP** : Gr. Floor, 'C' BHANGWADI, KALBADEVI ROAD, MUMBAI - 400 002.
PHONE : 66336766/ 22080067/ 22063916. TALLKFREE :- 022-39567272 /373
E-mail :matchwellelectric@gmail.com / finenatch@hotmail.com

**DISPLAY/GODOWN** : GR.FLR, HALAI BHATIA MAHAJAN WADI,KALBDEVI MAIN ROAD ,MUMBAI – 400 002
PHONE : 022-46051141 / **Kirit Dharia - 9820088069, (PRATIMA - 9820152644)**
E-mail : tapesindustrial@yahoo.co.in ; Web www.matchwellelectric.com
**SANJIV DHARIA – 8850964343/9820131333, (PARUL - 932033133)**

*Authorised Distributors Stockist :*

legrand® BCH LUKER (J.V. LUKER - USA) steelgrip PVC ELECTRICAL INSULATION TAPE
Pidilite WD-40 M-seal® KERAKOLL ADHESIVES WONDER TAPES

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૭ | ૯ | ૨૧-૧૨-૨૦૨૩ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી) (જુનાગઢવાળા)

જતીન દેસાઈ / પ્રશાંત પરીખ /તુષાર કડકીઆ

નિમીષા જી. કડકીઆ / નિલેશ દેસાઈ

**પત્રવ્યવહારનું સરનામું**

**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**

ડાયમંડ ઈલેક્ટ્રીક કંપની, ઈ/૨૧ બી, નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી, કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨. ● ફોન : ૯૮૨૦૪૩૪૩૨૨

✤✤✤

**મંત્રી : અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**

૪૦૩, અનુરાગ બિલ્ડીંગ, ૯ બાણગંગા ક્રોસ લેન, વાલકેશ્વર મુંબઈ - ૪૦૦૦૦૬ (મો.) : ૯૮૨૧૧૧૦૭૪૭

✤✤✤

**: સંસ્થાનું રજીસ્ટર્ડ સરનામું :**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪.

✤✤✤

**: સંસ્થાનું વહીવટનું સરનામું:**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

વિલ્સન સ્કૂલ, ડૉ. વિલ્સન સ્ટ્રીટ, વી.પી. પોલીસ સ્ટેશનની સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૪

**ફોન / વોટસ્ એપ નંબર :** ૯૯૩૦૩૯૯૧૦૦

**: સમય :**

સોમવાર થી શુક્રવાર બપોરે ૩.૩૦ થી સાંજે ૬.૦૦ કલાક

શનિવાર બપોરે ૧૨.૩૦ થી સાંજે ૬.૦૦ કલાક

✤✤✤

Visit us at www.balasinor.org


# મુંબઈની આન-બાન-શાન સામે મુંબઈગરાની જાન - પાયમાલ

**તંત્રી સ્થાનેથી**

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

મુંબઈ એટલે પૈસાની નગરી. આપણાં આ મુંબઈની શાન વધારવા, સુવિધાઓ વધારવા, રૂડું-રૂપાળું બનાવવા અનેક અવનવા કિમીયા અજમાવવામાં આવી રહ્યાં છે.

મુંબઈના સર્વાંગીણ વિકાસ માટે સમગ્ર મુંબઈમાં અનેક જગ્યાએ અનેકવિધ કન્સ્ટ્રકશન સાઈટ્સ ખૂલી ગઈ છે. નવા મકાન બનાવવા, જૂના મકાન તોડીને, નવા મકાન બનાવવા, મકાનોના રીપેરીંગ - રંગ રોગાન કરવા, ગટરો - નાળા બનાવવા, ફૂટપાથ બનાવવી, રેલ્વે સ્ટેશનો મોટા કરવા, અનેકવિધ પુલ બનાવવા, મેટ્રો રેલના વિકાસ કાર્યો, સોસાયટીના પોતાના કામ, મુંબઈને સુંદર બનાવવા થતાં સુશોભીત કાર્યો આ રીતે આખા મુંબઈમાં અનેક ઠેકાણે કન્સ્ટ્રકશન સાઈટ્સ ખૂલી જવાને લીધે આપણાં ઘરમાં હવાની લહેરની સાથે ફૂલની ફોરમ અને વૃક્ષોના શુધ્ધ ઓક્સિજનની જગ્યાએ ધૂળની ડમરી, અનેક વિષાણુઓ, ઉપદ્રવી દ્રવ્યો, મચ્છરો ઘસી આવે છે.

આપણાં ઘરની ત્રણ-ચાર બાજુ આવા કાર્યો પૂરબહારમાં ચાલી રહ્યાં છે. આના લીધે પદૂષણમાં અનેકગણો વધારો થઈ ગયો છે. ઘરની અંદર રહીને પણ માણસની હાલત ખૂબ ખરાબ થઈ ગઈ છે, પોતાના જ ઘરમાં માણસ લાચાર બની ગયો છે.

આવા ભયંકર પોલ્યુશનને લીધે જે લોકો મોર્નિંગ વોક, જોગિંગ કરવા જતા હતા તેમાંના કેટલાક લોકો સવારના પહોરના પ્રદૂષિત વાતાવરણથી ભયભીત થઈ ગયા છે. ધુમ્મસ અને અંધકારે શારિરીક માવજતની કાળજી લેનારા લોકોના પગ અટકાવી દીધા છે. કમને ઘરમાં બેસી જવાનો વારો આવ્યો છે.

II Shree Ganeshay Namah II

**Dipesh Desai : 9821115849 8850333537**

**SERVING SINCE 1989**

**Harsh Desai : 7977911412 9819158669**

# TRADE LINK

**Authorised Channel Partner : AJMERA | HENSEL | WALTHER | HPL | ATCAB | COMPAQ**
**Stockiest : ABB & Siemens**

| | |
|---|---|
| **AJMERA**<br>Marine Lights & Switchgears, Junction Boxes, Industrial Switchgears. | **HENSEL**<br>PASSION FOR POWER<br>Junction Boxes (IP 55/65/66/67/68), Mcb Boxes, Street Light Pole Boxes, Cable Drums, Glands. |
| **walther**<br>Plug & Sockets, Interlock Switch Socket. | **HPL**<br>Onload Changeover Switch, ATS, MCCB, Contactors, ACB, Switch Disconnector Fuse. |
| **ATCAB®**<br>IP 68 Brass Cable Glands (PG, Metric, Single/double Compression) | **ABB**<br>MCB (10KA), RCCB, Isolator & Distribution Board. |
| **SIEMENS**<br>MCB (6KA), RCCB, Isolator & Distribution Board. | **COMPAQ**<br>CONNECTING POWER<br>Cable Jointing Kit & Termination Kit. |

**Sales Office:** 209, 2nd Floor, Bulakhidas Building, Vithaldas Lane, Lohar Chawl, Mumbai - 400002.
**H.O. :** 21-B, 1st Floor, Sardar Griha Bldg., 198, Lokmanya Tilak Marg, (33 Lohar Chawl), Mumbai - 400 002.
**Phone :** 4005 5849 / 6933 3231 • **E-mail :** tradelink1967@gmail.com, tradelink_90@yahoo.co.in

**Website : www.tradelinkindia.net**

આપણાં બે ફેફસા એ શરીરના એન્જીન છે. આ એન્જીનને તંદુરસ્ત, નિર્મળ, સ્વચ્છ, સ્વસ્થ, મજબૂત રાખવા એ આપણી નૈતિક જવાબદારી છે. એ માટે પ્રાણાયામ, યોગાસન, કસરતો, જોગીંગ, વોકિંગ વગેર શ્રેષ્ઠ છે. જે ગાડીનું એન્જીન મજબૂત હોય તે ગાડી પૂરપાટ વેગે દોડે છે. આ નિયમ માણસોમાં પણ લાગુ પડે છે. આપણે જ્યાં રહેતા હોઈએ, કાર્ય કરતા હોઈએ ત્યાંની હવા ફરજીયાતપણે આપણે શ્વાસમાં લેવી પડતી હોય છે. દૂષિત હવા સાથે ઝેરી તત્વો, નકામા કચરા, ટોક્સિન્સ બધુ જ શ્વાસ દ્વારા શરીરમાં પ્રવેશી જાય છે. આના લીધે થઈને આપણને પારાવાર નુકશાન થાય છે. અત્યારે અનેક લોકો શ્વસનતંત્રના અનેક રોગોથી પીડાઈ રહ્યાં છે. શરદી, કફ, ઉધરસ, ગળામાં સોજો, તાવ અનેક પ્રકારના શ્વસનતંત્રના રોગોથી પીડાઈ રહ્યાં છે.

**આપણી જાતને સ્વસ્થ રાખવા શું તકેદારી રાખવી ?**

૧. આપણાં ઘરની આસપાસ થતા બાંધકામના કાર્યો સમયે ઘરના બારી બારણા બને તેટલા બંધ રાખવા. બાકીના સમયે ઉજાસ માટે, હવાની આવન જાવન માટે ખુલ્લા રાખવા.

૨. પાણી ઉકાળીને પીવું.

૩. શ્વસનતંત્રના રોગોની તકલીફ વાળાએ દિવસમાં બે-ત્રણ વાર નાસ (વરાળનો શેક) લેવો. ચોખ્ખા પાણીમાં અજમો, ચ્હાની ભૂકી નાખી નાસ લેવો.

૪. બહાર નિકળતી વખતે મોં પર માસ્ક પહેરવું.

૫. યોગીઓએ જળનેતિ નિત્ય નિયમીત કરવી.

૬. અડુસોલના પાનનો ઉકાળો પીવો.

૭. સરખે ભાગે લીંબુનો રસ, આદુનો રસ (અથવા ટુકડા), મરીનો ભૂકો, તુલસીનો રસ, હળદર, મધ મિક્સ કરી દિવસમાં ત્રણ વખત લઈ શકાય.

૮. કાંદા, લસણ, નાગરવેલના પાન, કપૂર, કેસર, તજ-લવિંગનો ઉપયોગ કરી આ આફતમાંથી બહાર આવી જવું.

૯. મુંબઈની ભેજવાળી આબોહવામાં સારી રીતે જીવવા નિત્ય નિયમીત પ્રાણાયામ-યોગાસન કરવા જોઈએ.

✲✲✲

**શ્રી બાલાસિનોર બોરીવલી ટ્રસ્ટ આયોજીત**

બોરીવલી થી વિરાર સુધી વસતા સર્વે બાલાસિનોર નાગરિકો માટે જમણવારનું આયોજન કરવામાં આવ્યું છે.

**વાર : રવિવાર**

**તારીખ : ૭-૧-૨૦૨૪**

**સમય : બપોરે ૧૨.૩૦ કલાકે**

**સ્થળ : ગુરુદ્વારા, સાંઈબાબા નગર, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૯૨**

વધુ માહિતી માટે કોન્ટેક્ટ કરવો

**મંત્રી - હેમેન્દ્ર શાહ - ૯૮૨૦૦૧૧૫૮૬**


# Yoga By Bankim Parikh

**ONLINE YOGA SESSIONS**

**CONNECT WITH YOUR SOUL**

- Pranayam
- Aasanas
- Power Yoga
- Surya Namaskar
- Stretching
- Other Kriyas
- Meditation
- Relaxation & Shavasan
- Knowledge Sharing



**Batch 1** : Mon to Fri - 7 am to 8 am
**Batch 2** : Mon - Wed - Fri - 4.30 pm to 5.30 pm

**Bankim : 9820434322**
**Shachi : 8097779825**

**RELEASE YOUR MIND AND BODY**


KIRLOSKAR
GREEN
IMPALA
Sintex
penta
HONDA
POWER EQUIPMENT
Captain
ESPA
BOSCH
PREMIUM
Falcon
Einhell
SHAKTI
HAVELLS
C.R.I. PUMPS
USHA
• Pumps • Motors • Generators • Engines
• Gear Boxes • High Pressure Cleaners
• Garage Equipments • Workshop Machinery
• Construction Machinery • Power Tools
• Blowers • Material Handling • Tanks • Fans
nipa®
nipa commercial corporation
Plot No. 105/24, Sector 23, Janata Market Turbhe, Navi Mumbai - 400 705. INDIA. TEL.: 91 22 27832099 Fax: 27832063 Cell: 09820130161
Tel .: 41517474 (30 Lines ) Fax.: 41517471 / 72 Email: info@nipa.asia Cell: 09820130161
Branches at : ANDHERI & KALBADEVI

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

# શ્રીમતી મનોરમાબેન હસમુખલાલ ધારીઆ (સુરતવાલા)

પુરસ્કૃત

# શ્રી નટવરલાલ ચુનીલાલ મોદી




# જનસાથી T20 ટ્રોફી




BNS ક્રિકેટની છેલ્લી સિઝનમાં સહભાગીઓ અને પ્રાયોજકો તરફથી મળેલા જબરજસ્ત પ્રતિસાદ અને સમર્થન પછી ક્રિકેટ ફરી પાછું આવ્યું છે જેના દ્વારા આપણે બધા જનસાથીની દિવસ અને રાતની મેચો યોજીને આપણાં સમુદાયના ક્રિકેટને આગલા સ્તર પર લઈ જવા માટે એક પ્લેટફોર્મ પર આવી રહ્યા છીએ.

સેન્ટ્રલ રેલવે ગ્રાઉન્ડ, પરેલ, મુંબઈ ખાતે T૨૦ ટ્રોફી

## ટુર્નામેન્ટની વિગતો નીચે મુજબ છે.

**ટુર્નામેન્ટની તારીખ અને દિવસ** : ૦૩-૦૨-૨૦૨૪ શનિવાર, ૦૪-૦૨-૨૦૨૪ રવિવાર, ૧૫-૦૨-૨૦૨૪ ગુરુવાર, ૧૬-૦૨-૨૦૨૪ શુક્રવાર.

**ટુર્નામેન્ટનું સ્થળ** : સેન્ટ્રલ રેલવે ગ્રાઉન્ડ, પરેલ, મુંબઈ

**ટુર્નામેન્ટનો સમય** : દિવસ અને રાત્રિ મેચો ૪ PM પછી

**ટુર્નામેન્ટની ફી** : રૂા. ૭૦૦૦/- ખેલાડી દીઠ

**લાલખા ટ્રોફી માટે રમવા માટે શ્રેષ્ઠ ૧૮ ખેલાડીઓની પસંદગી કરવામાં આવશે.**

**પ્રવેશ સ્વીકારવાની છેલ્લી તારીખ ૩૧-૧૨-૨૦૨૩**

બધા રસ ધરાવતા સહભાગીઓને વિનંતી કરવામાં આવે છે કે કૃપા કરીને Google ફોર્મ ભરો અને નીચેની મેનેજીંગ કમિટીના સભ્યોમાંથી કોઈપણને ચેક/NEFT/Gpay/Cash દ્વારા ટુર્નામેન્ટ ફી ચૂકવો.

| | | | |
|---|---|---|---|
| **અપૂર્વ ધારીઆ** - | **૯૮૩૩૧૦૩૫૦૬** | **અનીશ પરીખ** - | **૯૩૨૧૦૭૮૮૮૯** |
| **કેતન કડકીઆ** - | **૯૩૨૪૨૨૦૨૧૧** | **મનોજ પરીખ** - | **૯૮૨૦૪૩૯૧૩૪** |
| **રોહન ધારીઆ** - | **૯૮૨૦૮૦૬૪૧૧** | **રોહન દેસાઈ** - | **૯૮૩૩૪૩૩૯૯૩** |
| **રિપલ પરીખ** - | **૯૮૨૦૧૭૬૦૯૨** | **રૂચિત દોશી** - | **૯૮૨૧૦૬૮૧૮૭** |
| **ઉર્મિલ કડકીઆ** - | **૯૮૧૯૧૮૩૩૭૯** | | |

આ ક્રિકેટ ઈવેન્ટને એકલા હાથે ભવ્ય સફળ બનાવવા માટે આપણી કેટલીક મર્યાદાઓ છે પરંતુ આપણે બધા સાથે મળીને આ ઈવેન્ટને ભવ્ય રીતે સફળ બનાવી શકીએ છીએ.

| મંત્રી | કો-ઓર્ડિનેટર | સંયોજક |
|---|---|---|
| **અલ્પેશ ધારીઆ** | **રીપલ પરીખ** | **અપૂર્વ ધારીઆ** |



AUTHORISED DISTRIBUTOR
ABB
TEKNIC
ESSEN
socomec
Innovative Power Solutions
ELMEASURE
Possibilities...Infinite
elmex
SCI
ABB
elmex
ESSEN
ELMEASURE
socomec
SCI
TEKNIC
R.K. Engineering Pvt. Ltd.
( Formerly known as R. K. Trading Co. )
www.rkepl.co.in
Corporate Office:
Gala No. 36, Bldg No.3, Mittal Industrial Estate,
Andheri Kurla Road, Andheri (East), Mumbai - 400059
Tel.: 022- 4229 0033/35/36
Registered Office:
B/24, Sujal Mansion, Bhangwadi,
Kalbadevi Road, Mumbai - 400002.
Tel.: 022-39567219 / 40103663
Mobile: 98200 45111 / 98205 97149 / 9820140077
Email: dhrutan@gmail.com | kalpesh18189@gmail.com | sasadhsa@gmail.com | sales@rkepl.co.in

## SHREE BALASINOR NAVYUVAK SANGH

**ORGANISED**

## SMT. MANORAMABEN HASMUKHLAL DHARIA (SURATWALA)

**SPONSORED**

### Shri. Dilipbhai Muljibhai Dharia (Lalkha)

## BNS LALKHA T20 TROPHY 2023-2024

**We are glade to announce the dates of BNS Lalkha Trophy tournament 2023-2024.**

**DAY & NIGHT Eight T20 Matches on following dates.**

**Two T20 Matches will be schedule on every day from 4PM Onwards.**

**15-3-24 Friday     16-3-24 Saturday**

**17-3-24 Sunday     18-3-24 Monday**

**Venue:-JANSATHI GROUND , BALASINOR**

**All the bns cricket friends are requested to kindly save the date and be there to support our team.**

| Secretary | Coordinator | Convenor |
| --- | --- | --- |
| Alpesh Yogendra Dharia | Ripal Bipin Parikh | Apurv Dinesh Dharia |


# TOOTH & TOT

**25% Discount**

## DENTAL STUDIO AND PAEDIATRIC CLINIC

### Dr. Rashi Dharia
**B.D.S. (GDC MUM)**
**Cosmetic Dentist and Implantologist**

**Services Offered :**
- ✧ Dental Checkup with Intra-Oral Cahera
- ✧ Implants
- ✧ Single Sitting Root Canal
- ✧ Zoom Teeth Whitening
- ✧ Dental Jewellery
- ✧ Braces
- ✧ Dentures
- ✧ Smile Rehabilitation and Aesthetics
- ✧ Preventive Paediatric care
- ✧ Surgical Extraction

### Dr. Devansh Dharia
**M.D. Paediatric (MUM)** (Special Packages for N.R.I.)
**Cosultant Paediatrician and Neonatologist at**
**Shri H.N. Reliance Foundation Hospital**

**Services Offered :**
- ✧ Complete Immunisation with Packages
- ✧ Well Baby Clinic
- ✧ Paediatric Growth + Development Assessment
- ✧ Infectious Diseases
- ✧ Child Allergies and Skin Problems
- ✧ Speech and Language

**Shop No.51, Panchratna Building, Ground Floor, Next to Popley Jewellers,**
**Charni Road (East), Mumbai - 400004 - Timing : Monday to Saturday - 10.00 a.m. to 08.00 p.m.**
***Sunday by Appointment***

**For Appointment Contact No. 9619674227 / 9833556905**

# Mediclaim

## Cashless - Policy

**Entry Age Till 75 Yrs**

**No Medical Test Required**

*Premium Top-up Mediclaim Policy with cheapest price for all ages...*

*Premium for Rs.10,00,000 Policy of Rs.1 lakh Dedcutible*

**એક વ્યક્તિ યોજના**

Age 71-75 > Rs.22,664/-
Age 66-70 > Rs.20,261/-
Age 61-65 > Rs.16,924/-
Age 56-60 > Rs.13,587/-
Age 51-55 > Rs.10,507/-

**પતિ-પત્નીની સંયુક્ત યોજના**

Age 71-75 > Rs.36,401/-
Age 66-70 > Rs.32,557/-
Age 61-65 > Rs.27,219/-
Age 56-60 > Rs.21,879/-
Age 51-55 > Rs.16,950/-

**તમારી હાલની પોલિસી અમારી પાસે ટ્રાન્સફર કરવાની સુવિધા ઉપલબ્ધ છે**

**Hardik Nalin Suthar**

**Call - 8655886011 / 9769454999**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
# શ્રી રસિકલાલ સાંકરલાલ કડકીઆ અને
# શ્રીમતી લીલાબેન રસિકલાલ કડકીઆ (રેણાવાળા) પુરસ્કૃત
# ઉપનગર વિભાગ





## દાંડિયા રાસ

ઉપનગર વિભાગના દાંડિયા રાસ રવિવાર તા. ૫-૧૧-૨૦૨૩ ના રોજ સાંજે ૫.૩૦ વાગ્યા થી શ્યામ સત્સંગ ભવન લીંક રોડ, કાંદિવલી (વેસ્ટ) ખાતે યોજવામાં આવ્યો હતો.

ભારતીય સંસ્કૃતિને અનુરૂપ પરિધાન પહેરીને નવયુવક સંઘના કાર્યકર્તાઓ સૌને આવકારતા અને જે જે શ્રી ગોકુલેશની આપ લે કરતા એક બીજાના ખબર અંતર પૂછતા વાતચીત કરતા નજરે પડતા હતા. આમંત્રિતો અને ખેલૈયાઓ હોંશભેર ચણીયા ચોળી, આભલા ભરેલી ચુંદડી, કુર્તા, કેડિયું, ચોરણી પહેરી આવ્યા હતાં.

આમંત્રિતો અને ખેલૈયાઓને પ્રવેશવાનો સાથે જ કોલ્ડ ડ્રિન્કની ફ્રી કૂપન આપવામાં આવતી હતી. ગ્રુપ પ્રમાણે ખેલૈયાઓ પોતાનો બેચ પ્રવેશદ્વાર પાસે જ લેતા હતા. સંઘના પ્રમુખ શ્રી સમીર ગાંધી અને તેમના કારોબારી સભ્યો અને આજના દાંડિયા રાસના સંયોજક શ્રી મયુરભાઈ શાહ સૌને આવકારતા યમુના મહારાણીની આરતીમાં ઉપસ્થિત થવા સર્વેને નમ્ર વિનંતી કરી હતી. સ્ટેજ પાસે ઉપસ્થિત સર્વ લોકોએ હોંશભેર ભાગ લીધો હતો.

આરતીની પૂર્ણાહુતિ બાદ પ્રણાલી ઈવેન્ટના દીપકભાઈ સાથે ડી. જે. સંગીતના સથવારે ગરબા અને દાંડિયા રાસની સુંદર શરૂઆત કરી હતી. સંસ્થાના હોદ્દેદારો, સંયોજક અને આમંત્રિત મહેમાનોએ શરૂઆત કરી હતી. પળવારમાં જ વય મુજબ રમતા આખો હોલ ખેલૈયાઓના સંગાથે સુંદર રીતે રાસ-ગરબામાં તરબોળ થઈ ગયો. દાંડિયા રાસના જજ શ્રી પિંકેશ દોશી તથા શ્રીમતી ફાલના દોશી કોરિયોગ્રાફર, થિયેટર એક્ટર, એન્ટરટેઈનર અને ઈવેન્ટ ઓર્ગેનાઈઝર તરીકે છેલ્લા ૧૭ વર્ષથી આ ઉદ્યોગની સેવા કરે છે. કોર્પોરેટસ, સેલિબ્રિટી, શાળાઓ અને ઘણા એસોસિએશન માટે તેમજ 'પિંકેશ દોશી ડાન્સ પ્રોડકશન અને ઈવેન્ટ ઓર્ગેનાઈઝર' ના સ્થાપક માટે ૧૦૦૦૦ થી વધુ ડાન્સ શોની કોરિયોગ્રાફી કરી છે. જાણીતી હસ્તી સુધા ચંદ્રા (રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા) ના નૃત્યની કોરિયોગ્રાફી કરી છે. રિયાલિટી ડાન્સ શો માટે કોરિયોગ્રાફર તરીકે 'શામ' મરાઠી ચેનલ સાથે પણ સંકળાયેલા. સંઘે આયોજેલા દાંડિયા રાસ એટલે જાણે દિવાળી પહેલા ઉપનગરમાં એકબીજાને મળવાનો મોકો. અંદાજીત ૫૦૦ જેટલા બાલાસિનોરવાસીઓએ દાંડિયા રાસનો આનંદ માણ્યો અને જમવામાં ૪૦૬ જણાએ ભાગ લીધો હતો. દાંડિયા રાસના બે રાઉન્ડ લોકો મન ભરીને રમ્યા પછી વારો આવ્યો ઈનામનો જે બધાએ નીચે બેસીને સુંદર રીતે માણ્યો.

ત્યારબાદ દાંડિયા રાસ પ્રોગ્રામનું સંચાલન સંઘના તંત્રી શ્રી બંકિમ પરીખે શ્રી બાલાસિનોર નવયુવક સંઘના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, સહમંત્રી અને સંઘના એક્સ

# SWETA ELECTRIC CORPORATION

**71, MANGALDAS ROAD, LOHAR CHAWL, MUMBAI - 400 002**

**TEL NO.: 22087171 / 22088662 / 65207269**


**Email: sweta@xlelectricals.com**

**PRAFUL SHAH : MOB: 98339 25359**


## AUTHORISED DEALERS

dowell's®

AN ISD 9001 - 20001 CERFIED CO



BRASS CABLE GLANDS



LUGS AND TOOLS

ઓફિસોને સ્ટેજ પર આવવા વિનંતી કરી અને સંઘના પ્રમુખની નમ્ર વિનંતીને માન આપીને સમારોહના સહદાતાશ્રી આજના મુખ્ય મહેમાન શ્રી રજનીકાંત ઓચ્છવલાલ શાહ (ઠાસરાવાળા) ના સુપુત્ર શ્રી નિલેશભાઈ રજનીકાંત શાહ (ઠાસરાવાળા), તેમના ધર્મપત્ની શ્રીમતી મોનાબેન અને શ્રી મયુરભાઈ રજનીકાંત શાહ (ઠાસરાવાળા) જે આજના પ્રોગ્રામના સંયોજક છે અને તેમના ધર્મપત્ની શ્રીમતી કિંજલબેનને સ્ટેજ પર આવવા વિનંતી કરી લઈ આવ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં ગં.સ્વ. લીલાબેન રસિકલાલ કડકીઆ (રેણાવાળા) નું શ્રીમતી રીટાબેન સમીર ગાંધીએ ચોકલેટ બુકે અર્પણ કરી સ્વાગત કર્યું હતું. સંઘના મંત્રી શ્રી અલ્પેશભાઈ ધારીઆએ આવેલા સર્વેનું સ્વાગત કર્યું તથા આગામી સંઘની વિવિધ પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી. સંઘના મંત્રી શ્રી અલ્પેશ ધારીઆએ મુખ્ય મહેમાનને શાલ ઓઢાડીને તેમનું સ્વાગત કર્યું હતું.

પ્રમુખ શ્રી સમીરભાઈ ગાંધીએ મુખ્ય મહેમાનના સુપુત્ર શ્રી નિલેશભાઈ શાહનું ચોકલેટ બુકે અર્પણ કરી સ્વાગત કર્યું હતું. સંઘના ઉપપ્રમુખ શ્રી જીગરભાઈ કડકીઆએ શ્રીમતી મોનાબેનને ચોકલેટ બુકે આપી બહુમાન કર્યું હતું. સંઘના મંત્રી શ્રી અલ્પેશભાઈ ધારીઆએ મયુરભાઈ શાહને ચોકલેટ બુકે આપી બહુમાન કર્યું હતું. સંઘના સહમંત્રી શ્રી નિકેશભાઈ ગાંધીએ શ્રીમતી કિંજલબેનને ચોકલેટ બુકે આપી બહુમાન કર્યું હતું. સંઘના એક્સ ઓફિસો શ્રી સૌમિલ મોદીએ આજના કેટરર શ્રી નિલેશભાઈને ચોકટેલ બુકે આપી બહુમાન કર્યું હતું. સંયોજક શ્રી મયુરભાઈ શાહએ સુંદર સંગીત પીરસનાર ડી.જે. દિપકભાઈનું ચોકલેટ બુકે આપી બહુમાન કર્યું હતું.

સંઘના પ્રમુખે સહદાતા અને આજના મુખ્ય મહેમાન શ્રી રજનીકાંત ઓચ્છવલાલ શાહ (ઠાસરવાળા) અને તેમના પરિવારજનો સાથે આભાર વ્યક્ત કર્યો અને દાંડિયા રાસના સંયોજક શ્રી મયુરભાઈ શાહ સંઘની કારોબારી અને તેમના સાથી કાર્યકર્તા અભિનંદન આપી પ્રોત્સાહન પૂરું પાડયું હતું અને જેનો શ્રેય પૂરી કમિટીને જાય છે. દાંડિયા રાસના સંયોજક શ્રી મયુરભાઈએ કાર્યક્રમને સફળ બનાવવા સર્વેનો આભાર માન્યો હતો. બંને જજનું સંઘના કમિટી મેમ્બર શ્રી ઉર્મિલ કડકીઆ અને સહમંત્રી શ્રી તેજસ શાહે ચોકલેટ બુકે આપી બહુમાન કર્યું હતું. ત્યારબાદ સંઘના સહમંત્રી શ્રી તેજસ શાહએ આભારવિધી રજુ કરી હતી. આ પ્રોગ્રામને સફળ બનાવવા માટે આપ સૌનો સંઘ વતી આભાર માન્યો હતો.

દર વર્ષે જુનિયર કે.જી. થી ધોરણ ૯ ના વિદ્યાર્થીઓને શૈક્ષણિક પારિતોષિક એનાયત થાય છે. શ્રીમતી મણીબેન મણિલાલ શાહ (ઝાટ) પુરસ્કૃત પારિતોષિત વિતરણ હસ્તે શ્રી રાજુભાઈ મણિલાલ શાહ આ વર્ષે રૂા. ૧૫૦૦૦/- નું દાન આપ્યું છે અને તેમના ધર્મપત્ની શ્રીમતી અરુણાબેન રાજુભાઈ શાહએ વિદ્યાર્થીઓને મંચ પરથી શૈક્ષણિક પારિતોષિક આપ્યા હતા. સર્વે વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા. ત્યારબાદ દાંડિયા રાસના ઈનામ આપવામાં આવ્યા હતા. દાંડિયા રાસના સર્વે ઈનામો શ્રીમતી મીનાબેન અને શ્રીમતી કિંજલબેનના હસ્તે આપવામાં આવ્યા હતા. હર્ષ અને જીજ્ઞાશાપૂર્વક સર્વે પોતાનું નામ જાહેર થવાની રાહ જોતા હતા અને એક પછી એક નામની જાહેરાત થતાં જ હોલ તાળીઓથી અને ચિચિયારીથી ગુંજી ઉઠયો હતો. દાંડિયા રાસને અંતે સર્વે લોકો લિજ્જતદાર જમવાનું જમીને છૂટા પડયા અને સર્વે ને જે જે શ્રી ગોકુલેશનું સ્મરણ કરી છૂટા પડયા હતા.

| | |
|---|---|
| **મંત્રી** | **સંયોજક** |
| **અલ્પેશ ધારીઆ** | **મયુર શાહ** |

Mr. BHARAT K. DOSHI
98210 27136

I.S.W.P. BHS ISWP

# BINITA HARDWARE STORES

Stockiest of :

M.S. / S.S. / HIGH TENSILE BOLT- NUTS, WASHERS, RIVETS, WIRE NAILS, ANCHOR FASTENERS, ALLEN BOLTS, "U" BOLTS ETC.

Shop No. 1, Gr. Floor, 3 - Narayan Dhuru X Lane, Mumbai - 400 003.
Tel. :2311 2115 / 2344 9280, Telefax :2345 1580
E-mail: nagdevi.mumbai@novatek.net.in

Mr. PRANAV B. DOSHI
98210 28730

# Novatek Electro Engineers Pvt. Ltd.

*"Leads you to The Quality Era"*

**National Distributors For Schneider Electric India P. Ltd.**

Schneider Electric

H.O. (Mumbai) :
306, Prathamesh Tower , B-Wing , Senapati Bapat Marg , Lower Parel , Mumbai - 400 013.
Tel. : (+91-22) 2491 2634 / 35 / 2494 2080 Fax : (+91-22) 2491 2635
E-mail : sales.mumbai@novatek.net.in / operations.mumbai@novatek.net.in

BHIWANDI :
AU-6-7, Rajlaxmi Commercial Complex , At Post Kalher , Bhiwandi, Dist. Thane - 421 302.

**BRANCHES :**
**Bangalore | Chennai | Gurgaon | Hyderabad | Kolkata**

Merlin Gerin
Square D
Telemecanique
CONZERV® Smart Energy Management
MEHER
LEIPOLD
CLIPSAL®
DIGILINK®
APC® by Schneider Electric
LAPPGROUP

**An ISO 9001 : 2008 Certified**

**www.novatek.net.in**

# શાસ્ત્રબીજનાં વાવેતર

✍ ડૉ. કુમુદ પ્રમોદ ધારીઆ

નિરૂપણ એટલે કોઈપણ બીજને વાવીએ પછી એ બીજ વૃક્ષને વાવવાનું હોય કે માનવ વિચારોને કે પછી માનવ આચરણને. માનવને વિકાસના માર્ગે દોરી જનાર ઈશ્વર સમક્ષ અગમ્ય-અદ્‌ભૂત રસ્તાઓ છે. કાદવામાં કમળ ખીલવનાર પ્રભુ એક સર્વોત્તમ કલાકાર છે. આપણી નિંદા-કૂથલી કરનારાનો તો આભાર માનીએ કારણકે આપણા જીવન કમળને ખીલવવાને માટે આપણી આસપાસ કાદવની વ્યવસ્થા એ લોકો કરતાં રહે છે પરંતુ એવા માણસો ભૂલી જાય છે કે આ કાદવ તો સામેવાળાની ભલાઈ માટેનું સિંચન છે. તેથી કાદવ ઉછાળનારાના તો આપણે ઋણી રહેવું જોઈએ. આદરણીય કબીરજીએ ગાયું છે - નિંદક નીયરે રાખીએ આંગન કુટિ છવાય. બિન પાની બિન સાબુના નિર્મલ કરે સુભાય ! ભાવાર્થ એ જ કે - ધ્રુવને અપર 'મા' ની અવગણના હતી તો ધ્રુવ સક્ષમ બની રહ્યા. અવગણના હતી તો ધ્રુવે પણ મક્કમતાથી પરમપદ પામ્યું. પિતાના અત્યાચારોએ પ્રહલાદની ભક્તિને દૃઢ કરી. ભાભીના મહેણાએ નરસિંહ મહેતાને શ્રી પ્રભુના નામના રટણનું ઘેલું લગાડયું. ગુરૂ દ્રોણની ઉપેક્ષાએ એકલવ્યને અજોડ બાણાવળી બનાવ્યો. આવા તો અનેક ઉદાહરણો આપણી સંસ્કૃતિમાં, આપણા ઉપનિષદ તેમજ અન્ય શાસ્ત્રોમાં ઉપસ્થિત છે. આદરણીય શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજી દ્વારા લિખિત એમનું પ્રસિદ્ધ પુસ્તક 'આપણો સાંસ્કૃતિક વારસો' માં ઉપનિષધનું ધ્યેય અને જ્ઞાનદર્શન ખૂબ સુંદરતાથી સમજાવાયા છે. આપણે શાસ્ત્રોને કદાચ નામથી જાણતા હોઈએ પરંતુ તેમાં વર્ણવાયેલા જ્ઞાનથી સદંતર અજાણ હોઈએ છીએ. અહીં ખૂબ આંશિકરૂપે થોડું લખવાનું મન થયું છે. તેઓશ્રીની સમજણની વ્યાખ્યા અને શાસ્ત્રીય વિચારોના નિરૂપણ જાણવા જેવા અને સમજવા જેવા છે અને અભિમાન કરવા જેવા છે. જીવન પુષ્પને ખીલવતા કવિઓ લખી ગયા છે - એક કવિની સીમા તો ત્યાંજ હોય જ્યાં જીવનની સીમા હોય.

ઉપનિષદ શબ્દનો અર્થ છે ઈશ્વર સ્વરૂપનું સર્વોત્તમ નિરૂપણ અને વર્ણન ! ઉપનિષદ શબ્દ ઉપ-નિ-ષદ આ ત્રણ ધાતુના સંગમથી બન્યો છે. આ ત્રણ શબ્દોમાં ઉપ અને નિ બે ઉપસર્ગ છે. ઉપસર્ગ શબ્દોને અર્થ છે - અમુક મહત્વના શબ્દોના પહેલા શબ્દોના સમૂહ દ્વારા તેમજ મુખ્ય સિદ્ધાંતમાંથી ઉદ્‌ભવતો એક નવો ઉપકારક શબ્દ. જેને ઉપસર્ગ કહેવાય છે અને એક ષદ નામનો ધાતુ છે. ધાતુ એટલે કે ગોઠવાયેલા શબ્દોનું ક્રિયાપદ. ધાતુ શબ્દને ઈંગ્લીશ ભાષામાં (Root of the Verb) કહેવાય છે. આમ ધાતુના અર્થને બદલવાનું સામર્થ્ય ઉપસર્ગમાં છે. આપણા સાંસ્કૃતિક વારસામાં અસંખ્ય ઉપનિષદો છે છતાં પ્રસિદ્ધ ૧૦૮ અને મુખ્ય ૧૮ છે. આપણી શાસ્ત્રીય વિદ્યાઓની ગણતરી ૧૮ છે. આ વિદ્યાઓ ત્રણ તત્વનું નિરૂપણ કરે છે. એક શૂન્ય અને આઠ. આ ત્રણ મળીને ૧૦૮ લખાય છે. માળાના મણકા ૧૦૮ હોય છે. ધર્મ શ્રેષ્ઠ ગુરુઓના નામની આગળ પણ ૧૦૮ લખાય છે. ૧૦૮ ની ગણતરીમાં ત્રણ તત્ત્વો સમાયેલા છે. પ્રથમ અંક 'એક' એટલે બ્રહ્મ, વચલું તત્ત્વ 'શૂન્ય' એટલે અપરિચિત જીવો (સૃષ્ટિ પર જન્મ લેનાર પ્રત્યેક જીવ) અને 'આઠ' એટલે પ્રકૃતિ. પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ અને અહંકાર. આ આઠ તત્ત્વ પ્રકૃતિ તરીકે ઓળખાય છે. દેખીતી રીતે એક શૂન્ય-આઠ એમ ત્રણ આંકડા દેખાય છે પણ તે ત્રણ એકબીજામાં એવા ઓતપ્રોત થઈ ગયા છે કે અલગ ઓળખાતા નથી, સમજાતા નથી અને બોલાતા નથી. એકઠા થયેલા ત્રણ તત્વોને આપણે બ્રહ્માંડ કહીએ છીએ. ૧૦૮ નો આંકડો હિન્દુ, જૈન, બૌદ્ધ ધર્મમાં પવિત્ર આંકડો ગણાય છે કારણ કે સમગ્ર બ્રહ્માંડને એકસાથે જોડનારો આંકડો છે. એક જાણવા જેવી વાતે છે શ્રી નરેન્દ્રભાઈ મોદીજી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે અમદાવાદ શહેરમાં પ્રજાને તુરંત મદદની અત્યંત આવશ્યકતા પડે તો ઈમજન્સી મદદ માટેનો નંબર ૧૦૮ રાખ્યો. મોદીજી આપણી ગર્વિત સંસ્કૃતિના જાણકાર તેમજ માનનાર સમજી શકયા હતા કે આપત્તિના સમયે માનવજાતને સૌ પ્રથમ તો ઈશ્વર જ યાદ આવે. મદદની પ્રાર્થના પ્રાથમિક સ્થાને રહે. એમને ખબર હતી કે ૧૦૮ નો આંકડો આપણા દેશની પ્રજાના લોહીના પ્રત્યેક કણકણમાં ભક્તિભાવથી સમાયેલો છે. આ આંકડાને યાદ રાખવા ક્યાંય પણ લખી ને રાખવો પડતો નથી કારણ કે ૧૦૮ નો આંકડો યાદશક્તિમાં છૂપાયેલો હોય. તાત્કાલિક મુસીબત વખતે શોધવો ન પડે. તાત્કાલિક સહાયની ઉપલબ્ધિ મળી રહે. આ મોદીજીની શાસ્ત્રોની સમજણ-

**સીમા મહેતા**
૯૪૨૮૧૫૩૩૦૭

**નીરાલી મહેતા**
૯૪૦૮૪૯૯૮૭૮

**કમલનયન મહેતા**
૯૮૨૫૬૬૦૦૧૦

**બ્રિજેશ મહેતા**
૯૭૧૪૬૮૬૮૭૮

ShivSpi®

# શ્રી શંકર

## મસાલા




- સેલમ હળદર પાવડર
- કાશ્મીરી કુમ્ઠી મરચુ પાવડર
- કૃષ્ણ હીંગ
- શંકર કેરી નુ અથાણુ
- ધાણા પાવડર
- ધાણા જીરૂ પાવડર
- કાતરી
- શંકર છુંદો
- સ્ટ્રોંગ હિંગ
- ગરમ મસાલા
- વેફર
- શંકર ગળ્યુ અથાણુ
- ખાટો સાંભાર મસાલા
- ગળ્યો સાંભાર મસાલા
- આંબોડીયા
- શંકર લિંબુ નુ અથાણુ

## હિર એન્ટરપ્રાઈઝ

આજે જ ઘર બેઠા ઓર્ડર કરો સિઝન ના દરેક જાત ના મસાલા અને ઘર વપરાશ ની જરૂરીયાત વગેરે
(હોમ ડિલવરી ૩૦ રૂ/- કિલો કુરીયર ચાર્જ એક્સ્ટ્રા)

## અમુલ પાર્લર

અમુલ ની દરેક પ્રોડક્ટ આઇસ્ક્રિમ-ડેરી પ્રોડક્ટ દૂધ, દહીં, છાશ ઠંડાપીણા,
પાર્ટી ઓર્ડર, પ્રોવિઝન આઈટમ, વગેરે.

સરનામુ :- રોકડીયાશેરી, શ્રી ગોકુલનાથજી મદીર પાસે, જી. મહીસાગર
(ગુજરાત) બાલાસિનોર - ૩૮૮૨૫૫

Email : Kamalmehta577@gmail.com

વિશ્વાસ! જીવનની મુસીબતોની બાજીમાં પ્રાણ સહિયારો ૧૦૮નો આંકડો જ તો છે. જે મન, હૃદય,, જીવ ને ઈશ સાથે જોડે છે અને મદદના રસ્તાઓ આકસ્મિક કંડારતા જાય છે. ઉપનિષદ આ ત્રણ તત્ત્વોને જીવ, જગત અને બ્રહ્માંડની વ્યાખ્યાથી સમજાવે છે. સમસ્ત ઉપનિષદોમાં પ્રથમ ઉપનિષદ ઈશોપનિષદ છે. જેમ ઊંચા શિખરો પર ગોમુખ-ગંગોત્રી પ્રથમ સ્થાને ગણાય છે તેવી જ રીતે ભારતીય ચિંતનના ક્ષેત્રમાં ઈશોપનિષદ પ્રથમ સ્થાને છે. ઉપનિષદ યુગ પછી અઢાર પુરાણોના માધ્યમથી કર્મ, જ્ઞાન અને ભક્તિની વિવિધ ધારાઓ શરૂ થઈ છે. ઈશઓપનિષદને તેઓ શ્રી અમૃતની ધારાની વ્યાખ્યા આપે છે કારણ કે આ અમૃતધારા-જીવાતાં જીવનમાં પરસ્પર વિરોધી લાગતા સંજોગોને શબ્દોની જુગલબંધીથી જોડી રાખે છે. જેમ કે ઈશ અને જગત, ત્યાગ અને ભોગ, નિર્લેપતા અને કાર્યશીલતા, સ્થિત અને ગતિ, એકત્વ અને અનેકત્વ, વિદ્યા અને અવિદ્યા વગેરે. સમજણ છે કે, માનવ જીવનનું અંતિમ નિત્યધામનો એક જ આશય હોય કે પરસ્પર વિરોધી પરિબળોને વશ કરી જીવન જીવી જવું. એ જ આશયનું બીજ ઈશોપનિષદમાં નિરૂપિત થયું છે. આ સમજણને સારાંશમાં શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજીએ એમના પુસ્તકમાં અંકુરિત કરી સરળ શબ્દોમાં વિસ્તારીને લખી કે, બીજમાંથી પાંગરીને વૃક્ષરૂપે ઉછરતા સૃષ્ટિના સર્જકની લય લીલાને જાણી.

બીજી એક મહત્વની જાણકારી જાણવા જેવી છે. ઉપનિષદોના મહિમાના જાણકાર કાશ્મીરી પંડિતો દ્વારા પ્રચલિત જાણકારી જાણવા જેવી છે. આવી જાણકારી જવલ્લે જ જાણવા મળે. સદીઓથી કાશ્મીરી બ્રાહ્મણોમાં ચાલી આવતી ભવ્ય પંડિત પરંપરામાં શાહજહાંના પુત્ર સિકોહે પચાસ જેટલા ઉપનિષદોનો અનુવાદ પર્સિયન ભાષામાં કરાવ્યો હતો. આ અનુવાદ ૧૬૫૭માં પૂરો થયો. વર્ષો પછી એંક્વેટિવલ ડયુપેરો નામના માણસે સારાંશમાં એ અનુવાદનું લેટિન ભાષામાં અનુવાદ કરાવ્યો અને પેરિસમાં સન ૧૮૦૨ માં પ્રગટ થયો. આ ભાષાંતર શોપનહોઅરે વાંચ્યું. ઉપનિષદોનું ભાષાંતર વાંચનીને શોપનહોવર એટલો બધો પ્રભાવિત થયો કે, એના ઉદ્‌ગાર નીકળી પડયા કે, 'ઉપનિષદોનું વાંચન મારા જીવનનું મુખ્ય આશ્વાસન છે અને મારા મૃત્યુનું આશ્વાસન પણ એ જ રહેશે.'

આપણે ગર્વિત ભારતીય એટલું તો માની જ શકીએ કે, શાસ્ત્ર જ્ઞાનના પુસ્તકો એક એવી હથોડી જેવા હોય છે જેનાથી આપણી ભીતર થીજી ગયેલા જ્ઞાનના બરફને ભાંગી શકે! ઉપનિષદોનું વાંચન મનન આ જ્ઞાનકર્મ કરાવી શકે. ★★★

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘને પ્રાપ્ત થયેલ દાન


૧. શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
શ્રીમતી શાન્તાબેન કાંતિલાલ લાલચંદ દોશી પુરસ્કૃત મહિલા વિભાગની સ્કીમમાં રૂા. ૧,૦૦,૦૦૦/-નું માતબર દાન શ્રી જયેશભાઈ કાંતીલાલ દોશી તરફથી પ્રાપ્ત થયું છે. રૂા. એક લાખનો ઉમેરો થતાં આ સ્કીમમાં દાનની રકમ ટોટલ રૂા. ૪,૫૧,૦૦૧/- થાય છે.

૨. એક શુભેચ્છક રૂા. ૧,૦૦,૦૦૦/-

૩. શ્રીમતી મણિબેન મણીલાલ શાહ (ઝાટ) પુરસ્કૃત શૈક્ષણિક પારિતોષિક યોજના ઉપનગર વિભાગ માટે શ્રી રાજુભાઈ મણીલાલ શાહ (બેઆની) તરફથી રૂા. ૧૫,૦૦૦/- નું માતબર દાન સંઘની સ્કીમ માટે પ્રાપ્ત થયું છે. આ સાથે સ્કીમની કુલ રકમમાં પણ વધારો થયો છે.

**સંઘ સર્વ ઉપર્યુક્ત ઉદારદિલ દાતાઓનો અને તેમના પરિવારજનોનો હૃદયપૂર્વક આભાર માને છે.**

**મંત્રી - અલ્પેશ ધારીઆ** **પ્રમુખ - સમીર ગાંધી**



**Dent Villa**
*The Complete Family Dental Care*

Dr. Shikha Dharia
BDS


**Treatments we offer :**

- Consultation with X-ray
- Scaling
- Root Canals
- Filling
- Implants
- Dentures
- Crowns
- Teeth whitening
- Orhtodontic treatment
- Child dental care
- Dental jewellary



**To avail a free consultation and 15% Discount on all your treatment Call us on :**
**8779558970**
**8879088330**
dr.shikhadharia@gmail.com


**Address : 9/10, Ground Floor, Keshavji Vallabhji Building, Opp. Geeta Building, Pandita Ramabai Marg, Gamdevi, Grant Road (W), Mumbai 400 007**
**Monday to Saturday : 10.00am to 8.00pm**




Eye Specialist

**Dr. Mukti Shah**

MBBS, DNB, FICOphthalmology (London, U.K.), FMR



# Complete Advanced Eye Care

**Treatments We offer :**

- Advanced Cataract Surgery (Phaco)
- Lasik, PRK
- Medical Retina Treatment
- Diabetic / Hypertensive Retinopathy Treatment
- Retinal Injections
- Retinal Lasers
- ROP Screening and Lasers
- Dry Eye disease Management
- Glaucoma Evalution



**Clinic Timings**
*Monday to Saturday*
10 a.m. to 1 p.m.
5 p.m. to 8 p.m.

***For appointments***
**call us on 96533 92265**

***-: Address :-***
**Healer's Clinic**
Office No. 3, 1st Floor, Almas House,
Millat Nagar External Road,
Opp. Gate No. 2, Near Oh My Dogs Cafe,
Oshiwara, Andheri (West), Mumbai - 400 053



# નાગરવેલ

## પાન ખાયે સૈંયા હમારો

✍ નિલેશ નવીનચંદ્ર દેસાઈ (તેલવાલા)

બિરી ખાત નવલ કિશોર રાધે સંગ.... મઘમઘતું પાન તારું ઝણકાવે અંતર મારું.... લવિંગ-સોપારી-એલચીને પાનનાં બીડલા સાર... ખઈ કે પાન બનારસવાલા... પાન ખાયે સૈયા હમારો, સાવંલી સુરતીયા હોંઠ લાલ લાલ..... આ ગીતોથી તાંબુલપાનનો રસિલો રસયુક્ત, ઈતિહાસ આપણને જાણવા મળે છે. સંસ્કૃતમાં તાંબુલપત્ર, વ્રજભાષામાં બિરીપત્ર, યજુર્વેદમાં નાગવલ્લી કરીકે ઓળખાતાં આ પત્તાઓને આપણે સામાન્ય રીતે નાગરવેલનાં પાન તરીકે જાણીએ છીએ.

ઈતિહાસ કહે છે કે દ્વાપર યુગથી આપણા દેશમાં ભોજન પછી તાંબુલ પત્ર ખાવાની પ્રથા શરૂ થઈ હતી, જે આજે પણ પ્રચલિત છે. હિન્દુ માન્યતા પ્રમાણે અમૃત મંથનમાંથી નાગવલ્લીનાં પાનની ઉત્પત્તિ થઈ હતી. સાગર મંથન કરતાં તેમાંથી ૧૪ રત્નો નીકળ્યાં હતાં. તે રત્નોમાં ૧૪ માં અને છેલ્લા નીકળેલાં તે ધન્વંતરિ હતા. જ્યારે દેવ ધન્વંતરિ પ્રગટ થયાં ત્યારે તેમનાં હસ્તમાં તાંબુલ પત્ર સાથેનો અમૃતનો કલશ હતો. નાગવલ્લીનાં પાનનું દરેક શુભ કાર્યમાં અને પ્રસંગોમાં ભાવનાત્મક મહત્વ રહેલું હોઈ તેને આનંદ અને અભિમાનનું પ્રતિક માનવામાં આવે છે. યર્જુવેદમાં કહ્યું છે કે પિપ્પલ અર્થાત પીપળ પાન, અશોક (આસોપાલવ) પાન, આમ્ર (આંબા) પાન, શમીનાં પાન અને નાગરવેલનાં પાન આ પાંચ પ્રકારના પાન ખૂબ પવિત્ર ગણાય છે, કારણ કે તેમાં વિવિધ દેવ અને દેવીઓનો વાસ રહેલો હોવાથી સામાજીક, આર્થિક કે ધાર્મિક કોઈપણ કાર્યની પૂર્તિ આ પાંચમાંથી કોઈપણ પ્રકારના એક પાન થકી થઈ જાય છે.

નાગરવેલનાં પાનનો વેલો દ્રાક્ષનાં વેલાની જેમ ભૂમિ પર પથરાય છે અથવા માંડવડી ઉપર બંધાય છે. તાંબુલ પાનનો ગુણધર્મ તીખો, કડવો, શરીરમાં ગરમી ઉત્પન્ન કરનાર હોવાં છતાં તે મુખને સુવાસિત કરીને ભોજનને પચાવવામાં મદદ કરે છે. નાગરવેલનાં પાનનો સૌથી વધુ ઉપયોગ આયુર્વેદમાં થાય છે. આયુર્વેદમાં કહ્યું છે કે રોજ એક પાન ખાવાથી પાચનશક્તિમાં વધારો થાય છે પરંતુ પાનનો વધુ પડતો ઉપયોગ શરીરને નુકશાન પહોંચાડે છે. વધુ પડતાં પાનનાં ઉપયોગથી સ્વાદુપિંડ, મ્હો, ગળાનું કેન્સર થઈ શકે છે. જે વ્યક્તિઓને વાયુ અને પિત્ત પ્રકૃતિ હોય તેમના માટે તાંબૂલ અર્થાત નાગરવેલના પાન આશિર્વાદરૂપ છે કારણ કે આ પાન વાત, પિત્ત, કફ, કૃમિ, મધુપ્રમેહ (ડાયાબિટીસ) અને કબજિયાતને દૂર કરે છે. નાગરવેલનું પાન તીખું, કડવું, તુરું, તીક્ષ્ણ, ગરમ, રૂચી ઉપજાવનાર, ઝાડો સાફ લાવનાર, પીત્ત કરનાર, બળ આપનાર, કફનાશક, મ્હોનું દુર્ગંધ દુર કરનાર તથા થાક દુર કરી છે. નાગરવેલનાં પાનમાં એક જાતનું સુગંધીત તૈલી દ્રવ્ય રહેલું છે. જે મ્હોને ચોખ્ખું કરે છે. દાંતમાં સડો થતા અટકાવે છે અને ખોરાકના પાચન માટે જરૂરી પાચક રસોનો સ્ત્રાવ કરે છે. નાગરવેલના પાનમાં અડધી ચમચી મધ અને અડધી ચમચી હળદર તથા આદુનો ટુકડો મુકી ખુબ ચાવીને દિવસમાં ત્રણ-ચાર વાર ખાવાથી શરદી, સળેખમ, ઉધરસ જેવા કફના રોગો મટે છે.

